# સ્મશાન એ તો મહાવિદ્યાલય છે

જો મરણ એ જીંદગીની, છે અરે છેલ્લી દશા,
તો પરાર્થે અર્પવાને, આ જીવનના મોહ શા?

આ આખા લખાણનું પ્રેરણાબિન્દુ છે એક પરમ મિત્રની પરમ યાત્રા- અંતિમ વિદાય.

ચિતા ઉપર ચડાવેલ અલમસ્ત અને સોનલવર્ણી કાયા, ધૂ...ધૂ... કરતા પ્રચંડ અગ્નિમાં ભુંજાઈ-શેકાઈ ભષ્મ થવા લાગી ત્યારે અમે સૌ સ્નેહી-મિત્રો, કે જેઓ ચિતાની ફરતે ઊભા હતા તેઓ સૌ ચિતાગ્નિના દઝાડતા તાપથી બબ્બે ફૂટ દૂર હટવા લાગ્યા, હટતા હટતા ખાસ્સા દૂર હટીને ઊભા સૌ.

એ વખતે મુખ તો ગાયત્રી મંત્રોચ્ચાર કરતું હતું પરંતુ મગજમાં તો અનંત વિચારોની ભાગદોડ ચાલુ થઈ ગઈ હતી -

અપને ખાતિર મહલ બનાયા, આપ હી જાકર જંગલ સોયા!

જે કાયાને કેટકેટલા અને કેવા કેવા લાડ લડાવ્યા, બુટ-મોજા વગર જમીન ઉપર પગ પણ નહોતો મૂકી શકતાં, કે એરકન્ડીશનર સિવાય મહાત્રાસ લાગતો હતો તે કાયાની આખર આ જ દશા? પ્રચંડ અગ્નિમાં જલાવી જ દેવાની? મહાક્રુર ગીધડાઓ તથા હિંસક પશુઓને ખવડાવી જ દેવાની? જે કાયાને ડનલોપિલોના ગાદીતકિયામાં પોઢાડતા હતા તેને જમીનમાં દાટી કે જળમાં વહાવી દેવાની?

ઈસ તન-ધનકી કૌન બડાઈ? દેખત નેનોમેં મિટ્ટી મિલાઈ!
હાડ જલે જૈસે લકડેકી મોલી, બાલ જલે રે જૈસે ઘાસ કી પોલી!

જગતના અન્ય વિદ્યાલયોમાં તો ખૂબ ભણ્યા પણ ખરું ભણતર તો, ખરી સમજણ તો સ્મશાનવિદ્યાલય જ આપે છે. જ્યારે સ્મશાન જવાનું થાય છે ત્યારે કાયાની માયાની ક્ષણભંગુરતાનું જ્ઞાન પુનઃ પુનઃ તાજું થાય છે. જે જ્ઞાન - જે હકીકત - જે ભણતર અખંડપણે સ્મૃતિમાં રાખવાની જરૂરત છે તે, સતત વહેવાર-પ્રપંચમાં રચ્યાપચ્યા રહેવાથી વિસરાઈ જવાય છે.

કર લે શૃંગાર ચતુર અલબેલી, સાજન કે ઘર જાના હોગા.

-શૃંગાર કરીને ચતુર અલબેલી નાર, જેમ સાજનના-પ્રિયતમના ગૃહે જવા તૈયાર હોય છે તેમ સાજન અર્થાત્ ભગવાનના ગૃહે જવા માટે અર્થાત્ દેહવિલય માટે ઉમંગ-ઉત્સાહ-પૂર્વક તૈયાર રહેવાનું છે, એ પ્રસંગ પણ કાંઈ શોક કરવાનો નહિ પરંતુ મોહ મૂકવાનો છે. જે કાંઈ અનિત્ય અને અપવિત્ર હતું તે જ નિત્ય અને પવિત્ર મનાઈ ગયું હતું. તેને - તે ખોટી માન્યતાને સ્મશાન જવાના પ્રસંગો ખળભળાવી નાખે છે, કમ સે કમ એટલી ઘડી તો સાચી વિચારધારાઓ વહેવા લાગે છે, ભલે સ્મશાન-વૈરાગ્ય હોય પણ એટલી ઘડી તો વૈરાગ્ય-રાગરહિતપણું આવે જ છે. સ્મશાન-વૈરાગ્ય થોડો દીર્ઘજીવી થાય તો જરૂર મનુષ્યજન્મની સાર્થકતા થઈ જાય.

ભણતરનો સાચો ઉપયોગ તો કરવાનો છે આત્મા-પરમાત્માના રહસ્યો ઉકેલવામાં, મોક્ષને મેળવવાનો પ્રયત્ન કરવામાં, આત્યંતિક સુખને પ્રાપ્ત કરવામાં અને મૃત્યુના ભયથી મુક્ત થવામાં. અનેક પ્રકારના શાસ્ત્રો અને સિધ્ધાંતોનું જ્ઞાન આધ્યાત્મિક જ્ઞાનને સમજવામાં સરળતા કરી આપે છે. બ્રહ્મશ્રોત્રીયપણું એટલા માટે પ્રાપ્ત કરવાનું છે કે તે બ્રહ્મનિષ્ઠપણામાં સહાયભૂત થઈ શકે છે.

સ્કૂલ-કોલેજનું ભણતર જ સર્વસ્વ નથી. ભણતરને, મોક્ષધામ સુધી પહોંચાડનારી સીડીનું પ્રથમ પગથિયું ગણી શકાય. મોક્ષસીડીના પ્રથમ પગથિયે જ કાયમ ઊભા રહીએ પણ અન્ય પગથિયા ઉપર આગળ વધીએ જ નહિ તો પ્રથમ પગથિયાની પ્રાપ્તિ પણ નિરર્થક થઈ જાય.

સ્વામી વિવેકાનંદજી પોતે ભણેલું બધું જ ભૌતિક ભણતર ભૂલી જવા ઇચ્છતા હતા. નાનું બાળક ચાલતાં બરાબર ન શીખ્યું હોય ત્યાં સુધી તેને ત્રણ પૈડાવાળી ચાલણગાડીનો ચાલતી વખતે આધાર લેવાની જરૂર પડે છે. બરાબર ચાલતા શીખી ગયા પછી જો તે ચાલણગાડીનો ત્યાગ કરે તો જ તે ચાલવામાં વિકાસ સાધી શકે. યુવાન થયા પછી પણ જો ચાલણગાડી છોડીએ નહિ તો ઝડપથી ચાલી શકીએ નહિ અને આવી કઢંગી સ્થિતિમાં આપણને જોઈને લોકો ખૂબ હસે.

ભૌતિક ભણતર ભણીભણીને પછી ચેતન-ભણતર ભણવાનું છે, જો આમ ન થાય તો 'ભણ્યા પણ ગણ્યા નહિ' તેવું થાય.

ભૌતિક ભણતરના સાતત્યના કારણે સાચી સમજણરૂપી ભઠ્ઠી ઉપર જે મોહમાયા, તારું-મારું વગેરેની મહાભ્રમણાઓરૂપી રાખ વળી ગઈ હોય છે તેને, ચિતા ઉપરની રાખ જોઈને પ્રાપ્ત થતી સમજણ ઉડાડી મૂકે છે. સ્મશાનમહાવિદ્યાલયની મહાવિદ્યા જેવી અમોઘ વિદ્યા બીજા કોઈ પણ વિદ્યાલયો દ્વારા મેળવી શકાતી નથી.

સ્મશાન, મૃત્યુ, યમરાજ વગેરે શબ્દો સાંભળતા જ મન ભયભીત થઈ જાય છે, જેમકે જન્મોથી ખોટી, અધૂરી અને ભૌતિકતામય માન્યતાઓમાં જ જીવ્યા છીએ. સાચી સમજણાવાળાને મૃત્યુનો ડર ન લાગે. એ તો એમ વિચારે કે મૃત્યુ પછી મોક્ષમાં નહિ પહોંચી શકીએ તો પણ બીજું નવું-નક્કોર શરીર તો પ્રાપ્ત કરીશું જ, જેમાં બધાં જ અંગો સંપૂર્ણ નવા પ્રાપ્ત થશે. ખંડેર ગૃહમાંથી નવાનક્કોર ગૃહમાં જવાનું કોણ પસંદ ન કરે? નવું ગૃહ અર્થાત્ નવું શરીર પ્રાપ્ત કર્યા પછી ફરી પાછા નરસિંહ મહેતાએ ગાયું હતું તેમ ગાઈશું કે -

ભૂતળ-ભકિત પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાહિ રે;<br>
પુણ્ય કરી અમરાપુરી પામ્યા, અંતે ચોર્યાશી માંહી રે.<br>
હરીના જન તો મુકિત ન માગે, જન્મોજન્મ અવતાર રે;<br>
નિત્ય સેવા નિત્ય કિર્તનઓચ્છવ, નિરખવા નંદકુમાર રે.

માટે, સ્મશાનથી ડરીએ નહિ, એ તો મહાવિદ્યાલય છે, મહાયાત્રાલય છે, મહામુકિતનું મહાપ્રેરણાસ્થાન છે. જે ગૃહમાં જન્મ્યા હતા તે ગૃહ જીવનનું પ્રથમ મહાસોપાન, અને મહાભૂમિ-સ્મશાન એ જીવનનું અંતિમ મહાસોપાન.

આટઆટલું જાણ્યા પછી પણ સ્મશાનનો ડર જો જતો ન હોય તો સાચા ગુરુસંતોના ચરણોમાં બેસીને, તેમની પાસેથી નિત્યાનિત્ય વિવેક પ્રાપ્ત કરીને સ્મશાનના ડરથી, મૃત્યુના ભયથી મુકત થઈએ.

જબ જગમેં કિર્તી ફેલ ગઈ, ફિર દિન અધિક જીયા ન જીયા.

મનુષ્યના સત્કર્મોની સુગંધ દિગદિગંતોમાં ફેલાઈ જાય પછી તે વધુ જીવે કે ઓછું, બંને બરાબર છે. કેવળ વધુ જીવવાની જ મહત્તા નથી. વડના ઝાડ તો હજારો વર્ષ સુધી જીવે છે પણ તોય તે વડ જ રહે છે.

નામ રહંતા ઠકરા, નાણાં નહિ રહંત, કિર્તી કેરા કોટડા, પાડ્યા નહિ પડંત.

પૈસા તો આજ છે ને કાલ નથી. પૈસાદાર ગરીબ અને ગરીબ ક્યારે પૈસાદાર થઈ જાય છે તે કોઈ કહી શકે? સાત માળની હવેલીઓ પણ રહેવાની નથી, એ બધું ક્ષણભંગુર છે, દીર્ઘજીવી તો ફક્ત સુયશ દ્વારા પ્રાપ્ત કરેલી નામના અને સુકિર્તીની મહેલાતો છે. મોટા મહામજબૂત કોટ-કિલ્લાઓ પણ સમય જતાં ભાંગીને ભૂક્કો થઈ જાય છે પણ કિર્તીરૂપી કોટનું એકએક કાંગરું અવિચળ રહે છે.

દીર્ઘજીવી કે અલ્પજીવી, ગરીબ કે પૈસાદાર, અભણ કે વિદ્વાન, પાપી કે પુણ્યવાન, સ્ત્રી કે પુરુષ, કાળો કે ગોરો; રોગી, ભોગી, ઢોંગી કે યોગી કોઈને સ્મશાન જાકારો આપતું નથી, સૌને પોતાના મહાઉદરમાં સમાવી લઈને - ભેદરહિત બનાવી દઈને અભેદ સાધવાની શીખ આપે છે.

અનંત મૃતક શરીરોમાં, અનંત કાળથી અનંત પ્રકારની ગંદકીના ઢેર ખડકાયા હોય તે સર્વને સ્મશાન જોતજોતામાં સ્વાહા કરી નાખે છે. જો આવું વરદાતા સ્મશાન ન હોય તો વાતાવરણમાં કેટલી ગંદકી ફેલાય કે પૃથ્વીલોક નર્કલોક જ બની જાય. સ્મશાન તો વિરાટ યજ્ઞકુંડ સમાન છે, જે સતત સ્વયં સળગતું રહીને અન્યોને અખંડપણે શાંતિની શીખ-સમજણ આપતું રહે છે.

**સાચી સમજણના દાતા, અખંડ જાગૃત હે સ્મશાનદેવતા! તમોને અમારા કોટિ કોટિ વંદન.**